યુવા ઉમેદવારોના આંદોલનને પગલે રાજય સરકાર દ્વારા ગઈકાલે મોડીસાંજે બિન સચિવાલય કલાર્કની પરીક્ષા રદ કરવામાં આવી છે. ત્યારે શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે બીજા આંદોલનના શ્રી ગણેશ થયા છે. મહિલા લોકરક્ષકની પરીક્ષામાં મેરીટ અને ભરતી સંબંધી સરકારના અન્યાય સામે એસ.ટી.એસ.સી. અને એસ.ઈ.બી.સી. મહિલા ઉમેદવારો મેદાને પડી છે. જેમાં હવે પરિણામ રીસેટ કરવા અને એસસી,એસટી, અને ઓબીસી મહિલા ઉમેદવારોનો જનરલમાં સમાવેશ કરવામાં આવે તેવી માંગ કરી રહી છે.

સાદરા વિદ્યાપીઠ ખાતે વિદ્યાર્થીનો આપઘાત

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર નજીક આવેલી સાદરા વિદ્યાપીઠ ખાતે ટી.વાય.બી.એ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ હોસ્ટેલના રૂમમાં પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. વિદ્યાર્થીના અચાનક આપઘાતને પગલે સમગ્ર સાદરા વિદ્યાપીઠ કેમ્પસ ખાતે શોકનું મોજુ ફરી વળ્યું હતું.બનાવ અંગે પોલીસને જાણ કરતા પોલીસે પેનલ ડોકટરથી પીએમ કરાવી વિદ્યાર્થીએ કયાં કારણોસર આપઘાત કર્યો તેની ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ બોટાદના સવગણનગરનો રહેવાસી ૨૧ વર્ષિય ભાવેશ ગીરીશભાઈ મકવાણા ગાંધીનગર નજીક સાદરા ખાતે આવેલી મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ ગુજરાત વિદ્યાપીઠ ખાતે અભ્યાસ કરી રહ્યો હતો. ભાવેશ ટી.વાય.બી.એ.માં અભ્યાસ કરી રહ્યો હતો, આ છેલ્લુ વર્ષ તેના અભ્યાસનું હતું. ત્યારે ભાવેશે અચાનક ગતરોજ બોયઝ હોસ્ટેલ ખાતે સવારના ૧૧ વાગ્યના અરસામાં પોતાના રૂમમાં પંખા સાથે દોરી બાંધી જીવનલીલા સંકેલી લીધી હતી. આશાસ્પદ યુવાનના મૃત્યુને પગલે સમગ્ર કેમ્પસમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું.સાદરા વિદ્યાપીઠ ખાતે વિદ્યાર્થીના આત્મહત્યાનો આ ત્રીજો બનાવ હોવાનું જાણવા મળ્યું છે. બનાવની જાણ પોલીસને કરવામાં આવતા ઘટના સ્થળે પહોંચીને મૃતદેહને પીએમ અર્થે મોકલી આપી આગળની તપાસ એએસઆઈ કાન્તીભાઈએ હાથ ધરી છે.

મધુર ડેરી દ્વારા દૂધ ઉત્પાદક પશુપાલકોનો સ્નેહ મિલન સમારોહ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંગ લિ. મધુર ડેરી ગાંધીનગર દ્વારા પશુપાલકોનો સ્નેહ મિલન સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડીયા દ્વારા મધુર ડેરીને દુધ અને દુધની બનાવટોમાં ગુણવત્તાના ઉત્તમ ધોરણો જાળવવા માટે "ડેરી ચેમ્પિયન ઓફ ધી યર"-૨૦૧૯ નો એવોર્ડ મળ્યો તે બદલ રાજય સરકારના મંત્રી ઈશ્વરસિંહ પટેલ દ્વારા મધુર ડેરીના ચેરમેન ડો. શંકરસિંહ રાણાનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. જયારે આ પ્રસંગે વર્ષ ૨૦૧૮-૧૯ માં ગાય અને ભેંસનું સૌથી વધુ દુધ ભરાવવા બદલ પ્રથમ ત્રણ સભાસદોને સન્માનિત કરાયા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ મધુર ડેરી દ્વારા દૂધ મંડળીઓના દૂધ ઉત્પાદક પશુપાલકોનો સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. જેમાં રાજય સરકારના સહકાર મંત્રી ઈશ્વરસિંહ પટેલ, ભાજપના ગુજરાત પ્રદેશ મહામંત્રી કે.સી.પટેલ, ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, નિયામક મંડળના સભ્યો, સંઘ સંયોજીત દૂધ મંડળીના ચેરમેન-મંત્રીઓ, કારોબારી સભ્યો, મધુર ડેરીના એમડી મનોહરસિંઘ ચૌહાણ તેમજ મધુર પરિવારના સભ્યો હાજર રહ્યા હતા. સમારોહની શુભ શરુઆત દિપ પ્રાગટય અને પ્રાર્થનાથી કરવામાં આવી હતી. સમારોહના મહેમાનોનું પુષ્પગુંચ્છ અને મોમેન્ટો આપી સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે મંત્રી ઈશ્વરસિંહ પટેલે મધુર ડેરીની પ્રારંભ લઈ આજદિન સુધીની પ્રગતિની ગાથા તેમ દૂધ અને દૂધની બનાવટો સાથે સાથે રાજય સરકારની આ.કે.વી.વાય. યોજના અંતર્ગત શાકભાજીના પ્રોજેકટને બિરદાવ્યો હતો. તે ઉપરાંત આગામી સમયમાં ડેરી વધુ પ્રગતિ કરે અને પશુ પાલકોની આર્થિક સ્થિતિ વધુ મજબુત બને તેવી આશા વ્યકત કરી હતી. ત્યારબાદ ભાજપ પ્રદેશ મહામંત્રી કે.સી.પટેલે વિષયોચિત માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. આ સમારોહનું સુંદર સંચાલન હંસાબેન પટેલે કર્યું હતું, જયારે સર્વે મહેમાનો અને પશુપાલક ભાઈ બહેનોનો આભાર ડો.ડી.એસ. પટેલે વ્યકત કર્યો હતો.

રાજ્ય સરકારનો વધુ એક કર્મચારી હિતલક્ષી નિર્ણય

નર્સિંગ કર્મીઓને મળતા યુનિફોર્મ અને વોશિંગ એલાઉન્સમાં વધારો

ગાંધીનગર, તા. ૧૭

યુનિફોર્મ એલાઉન્સ પ્રતિમાસ રૂ.૩૫૦ના બદલે રૂ.૪૯૦ અને વોશિંગ એલાઉન્સ રૂ.૧૫૦ના બદલે રૂ.૨૧૦ અપાશે ? રાજ્યના ૨૦,૦૦૦થી વધુ નર્સિંગ સંવર્ગના કર્મચારીઓને લાભ મળશે.

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, કર્મચારીઓના હિતને વળેલી રાજ્ય સરકારે આજે વધુ એક કર્મચારી હિતલક્ષી નિર્ણય કર્યો છે. રાજ્યની હોસ્પિટલો, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને દવાખાનાઓમાં કામ કરતાં નર્સિંગ સંવર્ગના કર્મચારીઓને મળતાં યુનિફોર્મ એલાઉન્સ અને વોશિંગ એલાઉન્સમાં નોંધપાત્ર વધારો કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. જેનો અમલ ૧-૧-૨૦૨૦થી કરવામાં આવશે.

નાયબ મુખ્યમંત્રી પટેલે ઉમેર્યું કે નર્સિંગ ક્ષેત્રે કામ કરતાં નર્સિંગના ફેડરેશન દ્વારા મળેલ રજુઆતોને ધ્યાને લઈને રાજ્યની સંવેદનશીલ સરકારે આ મહત્વનો નિર્ણય કર્યો છે. જેનો ૨૦,૦૦૦થી વધુ કર્મચારીઓને લાભ મળતો થશે. તેમણે ઉમેર્યું કે, નર્સિંગ સંવર્ગના કર્મચારીઓને યુનિફોર્મ એલાઉન્સ પેટે હાલ પ્રતિમાસ રૂ.૩૫૦ આપવામાં આવે છે. જેના બદલે હવે, પ્રતિમાસ રૂ.૪૯૦ એટલે કે વાર્ષિક રૂ.૫૮૮૦ ચુકવાશે. એજ રીતે વોશિંગ એલાઉન્સ પેટે પ્રતિમાસ રૂ.૧૫૦ આપવામાં આવે છે. જેના બદલે હવે, પ્રતિમાસ રૂ.૨૧૦ એટલે કે વાર્ષિક રૂ.૨૫૨૦ ચુકવવામાં આવશે.

પટેલે ઉમેર્યું કે સરકારી હોસ્પિટલો, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને દવાખાનાઓમાં કામ કરતાં નર્સિંગના કર્મચારીઓ ફરજમાં હોય ત્યારે ચેપી દર્દીઓના સંપર્કમાં આવતા હોય છે. જેથી આ ચેપ તેઓને તથા અન્ય દર્દીઓને લાગે નહિં અને તેમનું સ્વાસ્થ્ય જળવાઈ રહે અને સ્ફુર્તિ પુર્વક દર્દીઓની સેવા કરી તે જરૂરી હોય છે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

વિષય રસ મનને અશુધ્ધ કરે છે, જ્યારે ભાગવત રસ મનને શુધ્ધ કરે છે : પૂ.ગુરુમા

ભાગવતના અનેક પ્રસંગોમાં કૃષ્ણ લીલા, તેનું બુધ્ધિચાતુર્ય અને વ્યવહારિક સમજણનું દર્શન થાય છે. મહાભારતના યુધ્ધમાં છફની મદદથી, દ્રૌપદીજીને ભીષ્મ પિતામહ પાસે અખંડ સૌભાગ્યવતીના આશીર્વાદ અપાવી, યુક્તિપૂર્વક પિતામહની શૂરવીરતાથી પાંચ પાંડવોનું સુરક્ષા કવચ માગી લઈ પિતામહની પ્રતિજ્ઞાનું ખંડન કરાવ્યું. એજ રીતે યુધ્ધ સંગ્રામમાં હથિયાર નહિ ઉઠાવવાની પ્રતિજ્ઞા છતાં રથના પૈડાના ચક્રનું હથિયાર બનાવનાર

શ્રીકૃષ્ણ જીવનમાં સમય અનુસાર વર્તવાની, જડતા ન રાખી, વ્યવહારિક પ્રવાહિતાની જીવનમાં અગત્યતા સમજાવે છે.

ભાગવત ગ્રંથમાં સમાન્વિત પ્રત્યેક પાત્ર મનુષ્ય અવતારની ગરિમાપૂર્ણ અને હિમાલય જેવી અદભૂત ઉંચાઈનું દર્શન કરાવે છે.

શ્રીકૃષ્ણ પાસે આશીર્વાદ માગતા માતા કુંતી કહે છે પ્રભુ અમારા પર અવારનવાર વિપત્તિ આવતી રહે એવું વરદાન આપો, જેથી આપ અમારી પાસે આવો અને અમારૂં માર્ગદર્શન કરતા રહો. પ્રભુનું સામીપ્ય પામવા વિપત્તિને આવકારવાની તૈયારી પરમ ભક્તની પ્રભુનિષ્ઠા બતાવે છે જે ઉદાહરણીય છે.

બાણશૈયા પર હોવા છતાં પાંડવોને ધર્મ ઉપદેશ આપવાની શ્રીકૃષ્ણની આજ્ઞાનું પાલન ભીષ્મ પિતામહ દ્વારા થયું જેમાં સ્ત્રીધર્મ વિષયક દ્રૌપદીના સંવેદનશીલ પ્રશ્ન સામે માફી માગવાની નમ્રતા પિતામહ દ્વારા દાખવવામાં આવે છે, જે આ યુગમાં જીવતા મનુષ્ય માટે પ્રેરણા સ્વરૂપ છે.

વિદુરજી અને વિદુરાણી દ્વારા દેહભાવ ભૂલીને પ્રભુસેવા, પ્રભુ પ્રત્યે સમર્પિતતા કેવી હોવી જોઈએ એ સંકેત આપી જાય છે. આપણે સહુ વારંવાર કલિયુગનો ઉલ્લેખ તો કરીએ છીએ પરંતુ ભાગવત્ અનુસાર એનો વાસ જેમાં કહેવાય છે એવા જુગાર, મદિરા, પરસ્ત્રીસંગ, હિંસા અને સુવર્ણનો મોહ છોડી શકતા નથી.

દીનતા-ગરીબડાપણું છોડી પ્રભુ પરાયણ બનો એજ મનુષ્ય જીવન જીવવાનો યોગ્ય માર્ગ છે. એમ ભાગવત્ કહે છે. ચતુંશ્લોક ભાગવતનો ઉપદેશ નારાયણે, બ્રહ્માજીને આપ્યો. આ ચતુંશ્લોક ભાગવતોપદેશનું મહાત્મય ભાગવત્ પ્રેમીઓની જાણમાં છે.

સંકલન : મમતા રાવલ

શ્રીમદ્ ભાગવત સપ્તાહની રત્નકણિકાઓ

- આત્મજ્ઞાન અને બ્રહ્મનિષ્ઠા વ્યક્તિને વધારેને વધારે સંવેદનશીલ બનાવે છે.
- રાજા અને સેવક - એવા લૌકિક વ્યવહારો આપણે મનથી ઉભા કરેલા છે.
- વૈરાગ્ય વિના તત્વજ્ઞાન પ્રાપ્ત થતું નથી. જગતના વિષયોમાં મોહ હોય ત્યાં સુધી તત્વજ્ઞાન મળતું નથી.
- મનુષ્યને જા સૌથી વધુ કોઈ છેતરતું હોય તો તે તેનું મન છે, એટલે હંમેશા સજાગ રહેવું. મનથી જ બધા બંધન છે અને મનથી જ મોક્ષ.
- માછલી એ બચવું હોય તો માછીમારના પગની નજીક રહેવું જાઈએ. માછીમારની જાળ દૂર રહેલી માછલીને જ પકડે છે. એમ દુનિયાની માયાજાળમાંથી બચવું હોય તો માયાપતિ એટલે કે ઈશ્વરની સમીપ રહેવું - શરણમાં રહેવું.
- ભક્તિ અને જ્ઞાન. બન્નેમાંથી કોઈપણમાં નિષ્ઠ છે તે મહાપુરૂષ છે.
- જે પોતાના અધિકારનું નથી એ ધન ધીમું ઝેર છે. આ જન્મમાં નહીં તો આવતા જન્મમાં એ પરિણામ તો ભયાનક આપે જ છે.
- ભગવાને તો સુંદર મનોહર સૃષ્ટિનું નિર્માણ કહ્યું છે. આ જગત નંદનવન છે. બધા વૃક્ષો કલ્પવૃક્ષ છે અને બધા જ જલ ગંગાજલ છે. પણ જા આપણી દૃષ્ટિ યોગ્ય હોય તો. આપણે રાગ-દ્વેષથી જાઈએ છીએ એટલે આ સૃષ્ટિ આપણને સંસાર લાગવા માંડે છે.
- અવિવેકથી આપણે પ્રકૃતિ સાથેની સંવાદિતા ગુમાવી છે. પર્યાવરણને વ્યાપક નૂકશાન પહોંચાડ્યું છે. પ્રકૃત્તિ સાથેની હાર્મની જાળવવામાં પોતાનું પ્રદાન ન આપી શકો તો કંઈ નહીં તેને ખોરવવામાં ભૂમિકા ન ભજવો. પ્રકૃત્તિના ભાગ થઈને રહો.
- પ્રભુ સરળ છે, આપણે પ્રભુ સાથે જાડાયેલા રહીએ તો આપણામાં પણ સરળતાને અંશ આવે.
- દેવ કયારેય દેવું રાખતો નથી. આપણે જે કંઈ આપીએ એનાથી અનેકગણુ કરીને એ આપણને પાછું આપે છે.
- હરિનામ જ સાચું ધન છે, એ જ કલ્યાણ કરશે, એનાથી જ મોક્ષ છે.
- ૧૨ વ્યક્તિઓ ભાગવત્ તત્વના રહસ્યોને જાણે છે : બ્રહ્માજી, નારદમુની, શંકરજી, સનદકુમારો, કપિલ મહારાજ, મનુ, પ્રહલાદ, ભિષ્મ, બલીરાજ, શુકદેવજી મહારાજ અને ધર્મરાજ.
- ગર્ભવતી સ્ત્રીએ પોતાના મનને ભક્તિ ભાવમાં રાખવું જાઈએ. સગર્ભાના પતિએ પણ ધર્મ અને વ્રત કરવા જાઈએ, જેથી બાળક વિલક્ષણ જન્મે.
- સ્વીકાર એજ સમાધાન છે. પ્રતિક્રિયા આપવામાં સમય, શાંતિ અને શક્તિ બરબાદ થશે. જે સહન કરે છે તે સાધુ.
- સંયોગ-વિયોગ તો જગતમાં સહજ છે. અનીતિને પકડશો તો અંતે રડવું પડશે, નીતિને પકડવામાં જ ડહાપણ છે.

આગામી દિવસોમાં ઠંડી વધવાના સંકેતો છે. ઠંડા પવનો વસાહતીઓને હેરાન પરેશાન કરી રહ્યા છે. વસાહતીઓ ગરમ વસ્ત્રોમાં સજ્જ થઈને ફરી રહ્યા છે. હાથ અને પગના મોજા અને સ્કાફ, સ્ટેવરની ખરીદી તેજ બની છે.

કિસી કે બાપ કા હિન્દુસ્તાન થોડી હૈ હાર્દિકનું ટ્વિટ

નાગરિક સુધારા કાનૂનને લઈને દેશના જુદા જુદા ભાગોમાં વિરોધ પ્રદર્શન જારી છે ત્યારે તંગદિલીપૂર્ણ સ્થિતિને ધ્યાનમાં લઈને સુરક્ષા જવાનો તૈનાત છે. બીજી બાજુ આજે કોંગ્રેસના નેતા હાર્દિક પટેલે વધુ એક વિવાદાસ્પદ નિવેદન કરીને ચર્ચા જગાવી દીધી છે. હાર્દિક પટેલે ચર્ચાસ્પદ શાયર રાહત ઈન્દોરીના એક શેરને ટ્વિટ કરીને પોતાની વાત કરી છે.

હાર્દિક પટેલે ટ્વિટ કરીને કહ્યું છે કે, સભી કા ખૂન હૈ શામિલ અહાં કી મિટ્ટી મેં, કિસીકે બાપ કા હિન્દુસ્તાન થોડી હૈ. આની સાથે સાથે હાર્દિકે એમ પણ લખ્યું છે કે, તેને લાગે છે કે, પોતાની વાતને સમજવામાં હજુ થોડોક સમય લાગી શકે છે. હાર્દિક પટેલે ભાજપ પર પ્રહાર કર્યા હતા. તેણે કહ્યું હતું કે, જ્યારે ભારતીય જનતા પાર્ટીના લોકો વિપક્ષમાં હતા ત્યારે સત્તા હાંસલ કરવા માટે તોફાનો કરાવતા હતા. આજે જ્યારે સત્તામાં છે ત્યારે લોકોને ગેરમાર્ગે દોરવા માટે તોફાનો કરાવવામાં આવે છે. ભાજપનો મતલબ ભારતીય જનતા પાર્ટી નહીં બલ્કે ભારત જલાવો પાર્ટી છે.

માર્ગ નં. ૧ પરનો ખાડો : સાપ ગયાં લિસોટા રહ્યાં...!!

ગાંધીનગરના ગ-૧ સર્કલથી ખ-૧ તરફ જતા માર્ગ નં. ૧ પર ગટર ચેમ્બર બનાવવા માટે તાજેતરમાં ખોદકામ કરવામાં આવ્યું હતું. આ ગટર ચેમ્બરનું કામ પુરૂ થયાં પછી તે સ્થળે માટીનું યોગ્ય પુરાણ કરાયું ના હોવાથી એક મોટા ખાડા જેવી સ્થિતિ સર્જાવા પામી છે જે અહીંથી પસાર થતાં વાહનચાલકો સહિત રાહદારીઓ માટે પણ જોખમરૂપ જણાય છે. તંત્રની આ અધૂરા કામ બાબતે કેટલાંક જાગૃત નાગરિકો દ્વારા પણ ફરિયાદ કરવામાં આવી હતી પરંતુ હજુ સુધી આ સમસ્યાનો યોગ્ય ઉકેલ લાવવામાં નથી આવ્યો જેના કારણે સેક્ટર-૪ સહિત આસપાસના વિસ્તારના નગારિકોમાં નારાજગીની લાગણી જોવા મળી રહી છે.

હેપ્પી-ટુ-હેલ્પ ફાઉન્ડેશનની 'ઉજવણી-૨૦૧૯' અંતર્ગત દિવ્યાંગ બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે

ગાંધીનગરના સેવાભાવી યુવાનોની સંસ્થા 'હેપ્પી ટુ હેલ્પ ફાઉન્ડેશન' દ્વારા દર વર્ષે અનોખી થર્ટી ફર્સ્ટ ઉજવવામાં આવે છે. આ વર્ષે સંસ્થા દ્વારા થર્ટી ફર્સ્ટને અનુલક્ષીને તા. ૨૯મી ડિસેમ્બર રવિવારે 'ઉજવણી-૨૦૧૯' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે જે સેક્ટર-૧૬માં સ્થિત પ્રજ્ઞાચક્ષુ દિવ્યાંગ બાળકો માટેની અંધશાળા ખાતે બપોરે ૩ થી ૬ કલાક દરમ્યાન યોજાશે.

નૂતન વર્ષના આગમન પૂર્વે 'થર્ટી ફર્સ્ટ' ઉજવવાનો ટ્રેન્ડ આપણી સંસ્કૃતિમાં પણ પ્રચલિત બન્યો છે. જો કે હેપ્પી ટુ હેલ્પ ફાઉન્ડેશન દ્વારા છેલ્લાં ચારેક વર્ષથી અલગ જ રીતે તેની ઉજવણી કરવામાં આવે છે જેમાં શહેરની સરકારી શાળાઓ તથા દિવ્યાંગ તથા વિશિષ્ઠ બાળકો માટે કાર્યરત સંસ્થાના બાળકો, વૃદ્ધાશ્રમના વડિલો, અનાથાશ્રમ, સ્પેશ્યિલ ચાઈલ્ડ હોમ વગેરેના બાળકોનો ટેલેન્ટ શો યોજવામાં આવે છે. આ વર્ષે સંસ્થા દ્વારા આયોજિત 'ઉજવણી-૨૦૧૯'માં શહેરના પ્રજ્ઞાચક્ષુ બાળકો માટેની અંધશાળાના દિવ્યાંગ બાળકો તથા કુડાસણ ખાતેની મનોદિવ્યાંગ બાળકો માટેની સંસ્થા વિશેષ એજ્યુકેશન સેન્ટરના બાળકો તેમની પ્રતિભાના દર્શન કરાવશે. સંગીત નૃત્ય સહિતની સાંસ્કૃતિક કૃતિોની રજૂઆત સાથે આ કાર્યક્રમના સમાપને કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ સંસ્થાઓના બાળકો, આસપાસના વિસ્તારના અનાથાશ્રમના બાળકો તથા વૃદ્ધાશ્રમોના વડિલોનુ એક સમૂહ સ્નેહ ભોજન પણ યોજાશે. આ સદ્કાર્યમાં દાતાઓ મદદરૂપ થવા માટે મો. નં. ૯૦૯૯૯૫૩૨૩૨ અથવા મો. નં. ૮૩૪૭૮૮૭૯૮૮ પર સંપર્ક સાધી શકે છે.

જાહેર નોટીસ

અરજદારના વિ.વ.શ્રી શ્રી પી.એન. પટેલ

ધનસુરાના મે.પ્રીન્સીપાલ સિવિલ જજ અને જ્યુડી. મેજી. ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં, મુ. ધનસુરા ફો.પ.અ.નં. - ૧૦૭/૨૦૧૯

અરજદાર : જયંતીલાલ કરશનભાઈ પટેલ
રહે. રમોશકંપા, તા. ધનસુરા, જી. અરવલ્લી

વિરૂદ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
તલાટી કમ મંત્રીશ્રી, રમોશ ગ્રામ પંચાયત,
તા. ધનસુરા, જી. અરવલ્લી

બાબત : જન્મ-મરણ અધિનિયમ-૧૩(૩) મુજબ..

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટીસ પ્રસિદ્ધિથી જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં અરજદાર પટેલ જયંતીલાલ કરશનભાઈ રહે. રમોશકંપા, તા. ધનસુરા, જી. અરવલ્લી નાઓના મોટા પુત્ર હર્ષદકુમાર જયંતીલાલ સેંધાણીનાઓનો જન્મ - તા. ૭/૧/૧૯૯૫ના રોજ રમોશકંપા મુકામે થયેલ છે. ઉપરોક્ત જન્મની નોંધણી જે તે સમયે શરત ચુકથી કરાવવાની રહી ગયેલ હોય ઉપરોક્ત અરજદારે તેમના જન્મ નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં ફોજદારી પરચુરણ અરજી નં. ૧૦૭/૨૦૧૯ દાખલ કરેલ છે. જેથી અરજદારના જન્મ ઉપરોક્ત દર્શાવેલ તારીખ અને સ્થળે થયેલ હોય જેના જન્મની નોંધણી રમોશ ગ્રામ પંચાયત તા. ધનસુરા, જી. અરવલ્લીમાં નોંધાવવાની હોઈ જે બાબતે જે કોઈ ઈસમોને વાંધો, હરકત કે હેલો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિદ્ધિ થયેથી મુ. તા. ૧૮/૧/૨૦૨૦ના રોજ અત્રેની કોર્ટમાં સવારના ૧૦-૪૫ કલાકે હાજર થઈ વાંધાઓ રજૂ કરવા, જો તેમ કરવામાં નહીં આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય તે કાયદેસરની કાર્યવાહી અનુસરવામાં આવશે, જેની સર્વે ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૧૬મી માહે ડીસેમ્બર સને -૨૦૧૯ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યો.

તૈયાર કરનાર સહી/- (એમ.ડી. કામલે) આસીસ્ટન્ટ

મુકાબલ કરનાર સહી/- (જે.જે. વેદ) આસીસ્ટન્ટ

કોર્ટનો સીક્કો

હુકમથી સહી/- (વિ.પી. આસોડીયા) રજીસ્ટ્રાર પ્રિન્સીપાલ સીવીલ અને જ્યુડી. મેજી.ફ.ક. કોર્ટ ધનસુરા

બિનખેતી વિષયક હેતુ માટે અપાતા પાણીના દરોની વસુલાત માટે વન ટાઈમ સેટલમેન્ટ યોજના

રાજ્યના શહેરી-ગ્રામ્ય વિસ્તારની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ જે બિનખેતી વિષયક હેતુ માટે પાણી વાપરે છે તે માટે રાજ્ય સરકારે વન ટાઈમ સેટલમેન્ટ યોજના જાહેર કરી છે. આ સંસ્થાઓ બાકી નીકળતા કુલ નાણા પૈકી વપરાશી દરોની કુલ રકમ એક વર્ષમાં છ હપ્તામાં ભરી દે તો તેવી સંસ્થાઓની દંડનીય રકમ અને સ્થાયી દર, વપરાશી દર તથા દંડનીય રકમ ઉપરના સંપૂર્ણ વ્યાજમાં માફી અપાશે એમ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના ઠરાવમાં જણાવાયું છે.

રાજ્યની મ્યુ. કોર્પોરેશન, મ્યુનિસિપાલિટી, નગરપાલિકા, નગર પંચાયત/ગ્રામ પંચાયતો પાણી પુરવઠા વિભાગની યોજનાઓ પાસેથી પ્રથમ તબક્કામાં પીવાનું પાણી મેળવતી હોય એ માટે આ યોજના જાહેર કરાઈ છે. સંસ્થાઓને પીવાના હેતુ માટે પાણી આપવામાં આવે છે તેવી સંસ્થાઓના બાકી રહેલ નાણાની ઝડપી વસુલાત થાય અને નાગરિકોને વધુ સારી સુવિધાઓ પૂરી પાડી શકાય એ માટે આ યોજના જાહેર કરાઈ છે. રકમ માંડવાળ કરવા માટેની શરતો ઠરાવમાં નિયત કરાઈ છે જેમાં સ્થાનિક સ્તરે હિસાબો સરભર કરતી તારીખે રકમમાં જે ઉત્તરોત્તર વધારો થયો હોય તે ગણતરીમાં લેવાનો રહેશે અને તે મુજબ રકમ માંડવાળ/સરભર કરવાની રહેશે. પ્રકારની પેનલ્ટી તથા વ્યાજ માંડવાળ કરવામાં આ સંસ્થાઓ ભવિષ્યમાં રકમ ભરવામાં શિથિલતા લાવવા પ્રેરાશે અથવા તો નિયમિત વસુલાત ભરપાઈ કરવામાં ચૂક કરશે. હવે પછી કોઈપણ પ્રકારના લેણાં ઉપરનું નિયમોનુસાર પેનલ્ટી તથા વ્યાજ અચૂકપણે લેવાનું રહેશે.

અમદાવાદની ઈન્સ્ટિટ્યૂટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટરમાં

ત્રણ જાણીતા નિષ્ણાંત તબીબોની ગવર્નીંગ બોડીમાં નિયુક્તિ કરાઈ

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે રાજ્યની પ્રતિષ્ઠિત કિડની ઈન્સ્ટીટ્યુટ અમદાવાદ ખાતે દર્દીઓને અદ્યતન, ઝડપી અને ગુણવત્તાલક્ષી યોગ્ય સારવાર મળી રહે તે માટે તેની ગર્વનિંગ કાઉન્સિલમાં ત્રણ નિષ્ણાંત તબીબોની નિમણુંક કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

પટેલે ઉમેર્યું કે, અમદાવાદ ખાતેની ઈન્સ્ટીટ્યુટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર ખાતે દર્દીઓને ગુણવત્તાલક્ષી સારવાર મળી રહે તે માટે કાઉન્સિલના સભ્યોની નિમણુંક કરવામાં આવી છે. જેમાં યુર યુરોલોજી ક્ષેત્રે એપોલો હોસ્પિટલ અમદાવાદના યુરોલોજી એન્ડ ટ્રાન્સપ્લાન્ટ સર્જરીના કન્સલ્ટન્ટ ડૉ. તેજાંશુ શાહ, નેફ્રોલોજી ક્ષેત્રે અમદાવાદની ઝાયડસ હોસ્પિટલના નેફ્રોલોજીસ્ટ કન્સલ્ટન્ટ ડૉ. હિમાંશુ પટેલ, અને પેથોલોજીમાં અમદાવાદની સુપ્રાટેક માઈક્રોપેથ લેબોરેટ્રી એન્ડ રિસર્ચ સેન્ટરના સી.ઈ.ઓ. અને ડાઈરેક્ટર ડૉ. સંદિપ શાહની નિયુક્તી કરવામાં આવી છે. આ નિયુક્તી થવાથી રાજ્ય અને રાજ્ય બહારથી આવતા કિડની તથા લીવરના દર્દીઓને પુરી પડાતી સેવાઓની ગુણવત્તાઓમાં તથા અદ્યતન આરોગ્યલક્ષી સારવારની સેવાઓ વધુ ઝડપથી મળતી થશે.